# જિલ્લા રમત–ગમત અધિકારીની કચેરી, સુરેન્દ્રનગર

બ્લોકનં.એ–૫, બહુમાળી ભવન,ખેરાળી રોડ, પોસ્ટ રતનપર.સુરેન્દ્રનગર.ફોન નં.૦૨૭૫૨–૨૮૨૯૫૩

પત્ર ક્રમાંક: જરગઅ/ખે.મ.–૧૮/રા.ક.સ્પર્ધા/૪૦૧૪ થી ૪૧૧૪/૨૦૧૮ 06 OCT 2018

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,તમામ....
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, તમામ...
ગુજરાત રાજય,તમામ..

**વિષય: ખેલ મહાકુંભ–૨૦૧૮ અંતર્ગત યોજાનાર રાજયકક્ષા અન્ડર–૧૪ ખો–ખો (બહેનો) સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલી આપવા બાબત.**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર દવારા પ્રેરીત અને જિલ્લા વહીવટી તંત્ર,સુરેન્દ્રનગર દવારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,સુરેન્દ્રનગર દવારા સંચાલીત ખેલ મહાકુંભ–૨૦૧૮ અંતર્ગત રાજયકક્ષાની અન્ડર–૧૪ ખો–ખો (બહેનો)ની સ્પર્ધા **તા.૧૪/૧૦/૨૦૧૮ થી તા.૧૮/૧૦/૨૦૧૮** દરમ્યાન શ્રી સરસ્વતી કન્યા વિધાલય,વઢવાણ ખાતે યોજાનાર છે.જેથી આપના જિલ્લાના ઓન લાઈન રજીસ્ટ્રેશન થયેલ ખેલાડીઓને આ સાથેની વિગતેના સમયપત્રક મુજબ સમયસર જાણ કરવા વિનંતી.સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે.

| | |
|---|---|
| **સ્પર્ધા તારીખ:** | **૧૩/૧૦/૨૦૧૮ થી તા.૧૮/૧૦/૨૦૧૮ સુધીના દિવસો દરમ્યાન** |
| **રીપોર્ટીંગ તારીખ અને સમય :** | **નીચેના સ્પર્ધા કાર્યક્રમ મુજબ** |
| **સ્પર્ધા અને નિવાસ સ્થળ:** | **શ્રી સરસ્વતી કન્યા વિધાલય,બોડા તળાવ પાસે,વઢવાણ જી.સુરેન્દ્રનગર.** |

**નિવાસ સંપર્ક : ૧. લાછુબેન પરમાર–૭૮૭૪૫ ૨૩૬૮૯ ૨.જયદેવસિંહ પરમાર–૯૯૨૪૮૩૧૯૦૧**

## –:: અન્ડર–૧૪ ખો–ખો(બહેનો) સ્પર્ધા કાર્યક્રમ ::–

| ક્રમ | વયજુથ | રીપોટીગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧ | અન્ડર–૧૪ (બહેનો) પસંદગી ટીમ | તા.૧૩/૧૦/૨૦૧૮ સાંજે ૦૫:૦૦ કલાકે | તા.૧૪/૧૦/૨૦૧૮ સવારે ૦૭:૦૦ કલાકે |
| ૨ | અન્ડર–૧૪ (બહેનો) વિજેતા ટીમ(ફકત એક જ શાળાની ટીમ) | તા.૧૫/૧૦/૨૦૧૮ સાંજે ૦૫:૦૦ કલાકે | તા.૧૬/૧૦/૨૦૧૮ સવારે ૦૭:૦૦ કલાકે |

### –:: ખાસ નોંધ/ જરૂરી સૂચનાઓ ::–

૧. ઓન લાઈન કે.એમ.કે.રજીસ્ટ્રેશન નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. ૨.ટીમના તમામ ખેલાડીઓના એન્ટ્રીમાં ફરજીયાત નામ હોવા જોઈએ,તમામ ખેલાડીઓએ ઓળખાય તેવા ફોટાવાળા આઈ.ડી.પ્રુફ તથા જન્મતારીખના પુરાવા રીપોટીગ સમયે રજુ કરવાના રહેશે.૩.ટીમના તમામ ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મ ડી.એસ.ઓ.શ્રીના સહિ સિકકા સાથેના રજુ કરવાના રહેશે. ૪. તમામ મેનેજરશ્રીએ ટીમ સાથે આવતા પહેલા પોતાની ટીમ વિનર છે કે સીલેકશન તે અંગે ડી.એસ.ઓ.કચેરીમાંથી એન્ટ્રી પર લખાવીને આવવાનું રહેશે.તમામ ટીમ મેનેજરશ્રીઓએ જે તે ટીમના (સિલેકશન/વિજેતા) રીપોટીગ સમયે જ રીપોટીગ કરવાનું રહેશે.રીપોટીગ સમય પહેલા કે સમય બાદ કોઈ પણ ટીમનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહિ. ૫. અત્રેથી જિલ્લાની સિલેકશન અને વિજેતા ટીમોને આવવા–જવાનું ભાડુ (પ્રવાસખર્ચ) સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સાદી એસ.ટી.બસનું સળંગ ભાડુ એકાઉન્ટ પે ચેક દવારા શાળા અથવા ટીમ મેનેજરના નામે ચુકવવામાં આવશે જેથી તમામ ટીમ મેનેજરશ્રીઓએ શાળાના બેંક એકાઉન્ટ પાસબુકની ઝેરોક્ષ અથવા કેન્સલ ચેક પ્રવાસખર્ચ પત્રક સાથે રજુ કરવાનો રહેશે. ૬. સરકારશ્રીના નિયમ મુજબ અત્રેથી ટુંકામાં ટુંકા અંતરની મુસાફરીનું ભાડુ ટીમ મેનેજર દવારા મુસાફરીની ટીકીટ રજુ કર્યે ચુકવવામાં આવશે.અત્રેથી ખાનગી વાહન કે લકઝરી બસનું ભાડું ચુકવવામાં આવશે નહિ. ૭.નિવાસ સ્થળે નિયત ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. ૮.સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે,અશિસ્ત કરનાર ટીમ કે વ્યકિતને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે. ૯ ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકે એક જ વ્યકિતએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહિવાળો ઓર્ડર લઈને આવવાનું રહેશે.તેમજ માત્ર બહેનોની સ્પર્ધા હોય ટીમ સાથે માત્ર લેડીઝ મેનેજરને જ આવવાનું રહેશે. ૧૦.રૂતુ અનુંસાર ઓઢવાનું સાથે લાવવાનું રહેશે.તેમજ ખેલાડીઓએ પોતાની સાથે કોઈ કીમતી ચીજ વસ્તુ સાથે લાવવી નહિ અન્યથા જવાબદારી પોતાની રહેશે. ૧૧.સરકારશ્રીની ગ્રાન્ટની મર્યાદાને ધ્યાને લઈ સ્પર્ધા સ્થળે મેદાન, સાધન,નિવાસ,ભોજનનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ સ્પર્ધામાં હારેલ ટીમે સ્પર્ધા સ્થળેથી તુરંત પરત જવાનું રહેશે જેની જાણ ટીમ મેનેજરને અવશ્ય કરવા વિનંતી.

આપનો વિશ્વાસું,

(બળવંતસિંહ ચૌહાણ)
જિલ્લા રમત–ગમત અધિકારી
સુરેન્દ્રનગર